**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૮ ટકા

# આજથી શહેરમાં રંગ-ઉમંગના પર્વ

## આજે હોળી : આવતી કાલે ધૂળેટી : શહેરમાં પિચકારીઓનું ધૂમ વેચાણ : કાર્ટૂનટેન્ડ પિચકારી બાળકોમાં હોટ ફેવરીટ : ઓર્ગેનિક કલર ઓન ડિમાન્ડ







ગાંધીનગર, તા.૮

આજે રંગબેરંગી વાતાવરણ સાથે ખુશીઓ લાવતો તહેવાર હોળી. આજે ભકત પ્રહલાદ અને સત્યના વિજય સાથે સંકળાયેલ પર્વની ઉજવણી શહેરમાં ધામધૂમથી થશે. ઉપરાંત આવતીકાલે ધૂળેટી છે જેની તૈયારી રૂપે શહેરમાં ઠેર ઠેર પિચકારી, ફુગ્ગા અને કલર વેચાઈ રહ્યા છે. સાથે ધાણી, ખજૂર, હાયડો પણ દર વર્ષની જેમ વેચાણમાં છે. વેપારીઓના કહ્યા મુજબ પિચકારીઓમાં ભાવમાં આ વર્ષે ૨૦ થી ૩૦ ટકાનો વધારો છે. શહેરમાં ચાઈના કરતા મેડ ઈન ઈન્ડિયા પિચકારી વધુ જોવા મળી રહી છે જેની કિંમત ૨૦રૂ.થી લઈ ૧૦૦૦ રૂ. સુધીની છે.

હોળીના તહેવારને લઈને શહેરીજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નગરના માર્કેટમાં પિચકારી, ફુગ્ગા અને કલરનું વેચાણ શરૂ થઈ ગયું છે. નાના બાળકો માતા-પિતા પાસે પોતાની પસંદિત પિચકારી લેવડાવવા માટે જીદ કરતા જોવા મળી રહ્યા છે. આ વખતે પણ ઓર્ગેનિક રંગની ડિમાન્ડ છે. માટીના તથા સુગંધિત કલર સાથે પાણી કલર પણ વેચાણમાં છે. જે ૧૦૦ રૂપિયે કિલો એમ વેચાય છે જયારે પાણી કલર ૨ થી ૧૦ રૂ.નું એક પેકેટ એમ વેચાણમાં છે.ખજુર ધાણી આજની હોલિકા દહનની પૂજા માટે ખાસ વેચાઈ રહ્યા છે. જેમાં નાની ધાણી કરતા મોટી ધાણી એટલે કે પોપકોર્નનું વેચાણ વધુ છે. ધાણી ૪૦ રૂ.ની ૨૫૦ ગ્રામ વેચાઈ રહી છે.

પિચકારીઓમાં ખાસ કરીને ટેન્કવાળી પિચકારી જેમાં અલગ અલગ થીમ જેમ કે બારબી, સ્કુલબેગ, કાઉન્ટિંગ બોલ્સ, રીંગણા, સુપરમેન, બેટમેન, મારીઓ, ડોરમોન, સ્પાઈડરમેન એમ અનેક થીમ પર વેચાઈ રહી છે. જેના ભાવ સાઈઝ મુજબ અલગ અલગ છે જે ૧૨૦ રૂપિયાથી ૮૦૦ રૂપિયા સુધીની વેચાઈ રહી છે. આ ઉપરાંત પંપ પિચકારી જે પહેલેથી વેચાતી આવી છે તેનો ભાવ ૨૦ થી લઈ ૪૦૦ રૂપિયા સુધીનો છે. આ ઉપરાંત નાના ટોયસવાળી પિચકારી જેમાં બિલાડી, ડોરમોન, કાર્ટૂન ગન, છોટાભીમ જેવી થીમ પર બાળકો માટે અવેલેબલ છે જેનો ભાવ ૫૦ રૂપિયાથી ૧૨૦ રૂપિયાનો છે.

આ ઉપરાંત સેન્ટેડ ગુલાલ, હર્બલ ગુલાલ, ૫૫૫ કલર, ટયુબ કલર, સ્પ્રે કલર પણ બજારમાં વેચાઈ રહ્યા છે. આજના ટ્રેન્ડ મુજબ સફેદ ટીશર્ટ ને અલગ અલગ કલરથી રંગવા માટે સ્પ્રે કલરનો ઉપયોગ થાય છે. વેપારી વિનોદભાઈના કહ્યા મુજબ આ વર્ષે પિચકારીના ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

**ઘણા દિવસથી મિશ્ર વાતાવરણ સાથે રોગચાળાનો ભય શહેરીજનોને સતાવી રહ્યો છે. ઓછામાં પુરું કોરોના વાયરસ ભારતમાં પ્રવેશવાને લીધે નગરજનો ચિંતામાં મુકાયા છે. શહેરમાં હાલમાં જ અચાનક કમોસમી વરસાદ પડવાથી ઘરે ઘરે ખાટલા છે. આશા છે કે શહેરમાં હોલિકા દહન બાદ તમામ નુકશાનકારક જીવજંતુઓનો નાશ થશે અને નગરમાં સૌ સ્વસ્થ રહે.**

# રામકથા મેદાનમાં આરએસએસની પહેલીવાર એક સાથે ૩૯ ધ્વજયુકત શાખા લગાવાઈ





ગાંધીનગર, તા.૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - ગાંધીનગર દ્વારા એક સપ્તાહના 'મારી વસ્તી મારી શાખા' અભિયાનના અંતિમ દિવસે આજે એક જ સ્થાન ઉપર નગરના તમામ સેકટર અને આજુબાજુના ૧૪ ગામોના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં રામકથા મેદાન સેકટર-૧૧, ખાતે કુલ- ૩૯ ધ્વજ યુક્ત શાખાઓ લગાવવામાં આવી હતી. આ શાખાઓમાં બાલ અને તરુણ સ્વયંસેવકો સહિત કુલ - ૩૪૭ કાર્યકર્તાઓએ ભાગ લઈને વિવિધ ભારતીય પદ્ધતિની રમતો સહિતના કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈને સમગ્ર રામકથા મેદાનને 'ભારત માતા કી જય'ના નારા સાથે રાષ્ટ્રભક્તિમય બનાવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર વિભાગના સંઘસંચાલક પ્રકાશભાઈ પરમારે વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત તારીખ.૨ થી ૭ માર્ચ ૨૦૨૦ દરમિયાન તમામ ૪૨ સ્થાનો ઉપર નિત્ય શાખાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દૈનિક સરેરાશ ૫૩૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. આ સ્થાનોમાં નગરના તમામ સેકટર તેમજ વાવોલ, બોરીજ, કોલવડા, ઈન્દ્રોડા, પેથાપુર, રાંધેજા, અંબાપુર, પોર, રાંદેસણ, રાયસણ, અડાલજ, ઉવારસદ, કુડાસણ, કોબા, સરગાસણ અને ધોળેશ્વર જેવા નો સમાવેશ થાય છે તેમ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગાંધીનગરના નગર સંઘ સંચાલક મનુભાઈ મોદીએ અખબારી યાદીમાં જણાવાયું છે.

# વિશ્વ મહિલા દિવસે જરૂરિયાતમંદ વર્ગની મહિલાઓને સેનેટરી પેડના વિતરણ સાથે 'પ્રોજેકટ શકિત'નો પ્રારંભ

## ગૂંજ ફાઉન્ડેશન તથા અવા ફાઉન્ડેશન દ્વારા મહિલાઓને માસિક ધર્મ અંગે પ્રવર્તી રહેલ ગેરમાન્યતાઓ દૂર કરવા માર્ગદર્શન આપ્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેવાકીય ભાવના ધરાવતા યુવાનોની સંસ્થાઓ 'ગૂંજ ફાઉન્ડેશન' તથા 'અવા ફાઉન્ડેશન'ના સંયુકત ઉપક્રમે આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે શહેરની વિવિધ સેકટરની ઝૂંપડપટ્ટીમાં રહેતી મહિલાઓને તેમના માસિક ધર્મ અંગે પ્રવર્તી રહેલી ગેરમાન્યતાઓ દૂર કરવા સાથે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવા ઉપરાંત તેમને વિના મૂલ્યે સેનેટરી પેડના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ થકી ગૂંજ ફાઉન્ડેશન દ્વારા તેમના 'પ્રોજેકટ શકિત'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સંસ્થા સ્વયંસેવકોમાં સામેલ યુવતિઓએ મહિલાઓને માહિતી આપવાનું કાર્ય સંભાળી લીધું હતું.



છેલ્લા કેટલાંક સમયથી દેશભરમાં મહિલાઓના માસિક ધર્મને વિવિધ કુરિવાજો, ગેરમાન્યતાઓ કે ધાર્મિક નિષેધ જેવી બાબતો અંગે ચર્ચાઓ ચાલી રહી છે. બીજી તરફ ખાસ કરીને જરૂરિયાતમંદ વર્ગની મહિલાઓમાં આ બાબતે અધૂરી સમજણને પગલે જાગૃતિનો અભાવ પણ જોવા મળી રહ્યો છે જેના કારણે માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતાની જાળવણી જેવી બાબતે તે ઉદાસીન રહેતી હોવાથી તેમને અન્ય રોગો કે ચેપ લાગવાની શકયતા રહે છે. આ સંદર્ભે શહેરની ઝુંપડપટ્ટીમાં રહેતી મહિલામાં માસિક ધર્મ બાબતે જાગૃતિ ફેલાય તથા તેઓ પણ સેનેટરી પેડનો ઉપયોગ કરતા થાય તે હેતુથી 'પ્રોજેકટ શકિત'ની શરૂઆત કરવામાં આવી છે જે અંતર્ગત આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે સેનેટરી પેડ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેમજ તે વાપરવાના ફાયદા અંગે પણ મહિલા સ્વયંસેવકો દ્વારા સમજણ પુરી પાડવામાં આવી હતી.

# મારી મમ્મી તો મારા લીધે અડધી નર્સ બની ગઈ હતી..!!

## 'હવે આ દિકરી માત્ર ૧૫-૨૦ દિવસ જ જીવશે' તેવી સાત વર્ષની વયે કેન્સરનો ભોગ બનેલી દિકરી માટે તબીબોએ શકયતા વ્યકત કરી હતી : આજે આ દિકરી ૨૫ વર્ષની વયે માસ્ટર ડિગ્રી સાથે પ્રાધ્યાપક બની હવે પીએચડી પણ કરી રહી છે

ગાંધીનગર, તા.૮

'જુઓ ભાઈ, આ દિકરી હવે માત્ર ૧૫ થી ૨૦ દિવસ જ જીવશે, તમે એની જે ઈચ્છાઓ પુરી કરવી હોય તે પુરી કરો અને તેની જીંદગીના આ અંતિમ સમયમાં તેને શકય હોય તેટલી ખુશ રાખજો.' આશરે વીસેક વર્ષ પૂર્વે અમદાવાદના જડબાના નિષ્ણાત તરીકે જાણીતા ડૉ. એસ.કે. દિવાને જયારે ગાંધીનગરની માંડ સાતેક વર્ષની દિકરીના બાયોપ્સી રિપોર્ટ, એકસ-રે તથા બ્લડટેસ્ટના રિપોર્ટસ જોઈને કહ્યું ત્યારે દિકરીના કુટુંબીજનો આઘાત સાથે સ્તબ્ધ થઈ ગયા હતા. આમ છતાં દિકરીના મા-બાપે તેની યોગ્ય સારવાર કરવાનો નિર્ધાર કર્યો અને તે સાથે જ તેની નાની-મોટી ઈચ્છાઓ હોંશે હોંશે પુરી કરવા માંડી જે દરમિયાન આવેલા દિકરીના જન્મદિનને પણ ખૂબ આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવ્યો હતો. આજે આ દિકરી ૨૫ વર્ષની થઈ ચુકી છે અને ગાંધીનગરની એલડીઆરપી કોલેજમાં આઈટી એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓને ભણાવે છે અને તે સાથે પોતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી પીએચડી પણ કરી રહી છે.

આજે સમગ્ર વિશ્વ મહિલા દિવસ ઉજવી રહ્યું છે. ગાંધીનગરની આ દિકરી જેનું





નામ હિમાની ત્રિવેદી છે જે મહિલાઓના આત્મબળ અને અડગ ઈરાદાઓની પ્રતિતિ કરાવી રહી છે. ધોરણ-૨ સુધી સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ કર્યા પછી અનાયાસે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ પ્રાપ્ત કરનાર હિમાની માત્ર ૭ વર્ષની વયે જડબાંના કેન્સરનો ભોગ બની હતી. જુલાઈ ૨૦૦૧માં અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસની એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવલી હિમાની પર કેમોથેરેપી રેડિએશન થેરેપી તથા માથાના અડધા ભાગેથી જેનો ચહેરો ખોલીને જોખમભર્યું ઓપરેશન કરવા જેવી અત્યંત કઠિન સારવારમાંથી પસાર થઈ હતી. ડૉ. હેમેન ઝાઝુ અને તેમના પિતા ડૉ. જે.આર. ઝાઝુ જેવા નિષ્ણાંત તબીબોએ દિકરીની જમણી આંખ તથા સ્વરપેટી ગુમાવવા પડશે તેવી શકયતા વ્યકત કરી હતી પરંતુ તેનું ઓપરેશન એવી રીતે પાર પાડયું કે તેના આ બંને અંગોને આબાદ રીતે બચાવી જમણી તરફના ઉપરના અડધા જડબાને જેમાં કેન્સર હતું તેને કાઢી નાંખવામાં આવ્યું હતું. જે હિમાની સાત વર્ષની વયે હાર્મોનિયમ વગાડવામાં વિશારદ બનવાના અંતિમ પડાવ સુધી પહોંચી ગઈ હતી તે હવે વારંવાર કેમોથેરેપી, રેડિએશન, સીટીસ્કેન, એમઆરઆઈ, બ્લડ ટ્રાન્સફયુઝન જેવી અઘરી સારવાર લેવા માંડી હતી. જે માટે તેના મા-બાપ દિવસો સુધી અમદાવાદના ધક્કા ખાવા લાગ્યા હતા. આ દરમિયાન તેની શાળામાં પણ હિમાની આ સારવારમાંથી હેમખેમ બહાર આવી જાય તે માટે પ્રાર્થના કરવામાં આવતી હતી. સારવાર દરમિયાન પણ શાળામાં અભ્યાસ ચાલુ રાખનાર હિમાનીને વારંવાર ઉલ્ટીઓ થવા સહિતની તકલીફો સર્જાતી હતી જેથી તેની માતા



જયોત્સનાબેન સતત શાળામાં હાજર રહેતા જેમના માટે શાળા સંચાલકો તરફથી અલગ રૂમની વ્યવસ્થા કરી આપવામાં આવતી હતી.

વર્ષ ૨૦૦૨માં સારવાર દરમિયાન હિમાનીના પિતા વત્સલ ત્રિવેદી માતા પુત્રીને લઈને અમદાવાદ ગયા હતા ત્યારે ગોધરાકાંડના તોફાનોમાં સપડાઈ ગયા હતા અને નજર સમક્ષ રોડ પર ટાયરોને આગ ચંપની તથા સામસામે બે જુથોના પથ્થરમારાને નજરે નિહાળી ચિંતાતુર બનેલા પિતાએ મેઘાણીનગર જેવા વિસ્તારની સોસાયટીઓના આંતરિક રસ્તા અને ગલીઓમાંથી માંડ માંડ બચીને ઘરે પહોંચ્યા હતા. અત્યંત યાતનાભરી સારવાર બાદ કેન્સરમાંથી બહાર આવી રહેલી હિમાનીનો અડગ આત્મવિશ્વાસ જોઈ તબીબો પણ દંગ થઈ જતા હતા. હિમાનીએ ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષામાં ગણિતમાં પુરા ૧૦૦ માર્કસ મેળવવા સાથે ૮૩ ટકા પરિણામ મેળવ્યું અને ધોરણ ૧૨માં બોર્ડની પરીક્ષા સમયે જ થયેલી પથરીનો દુઃખાવો ઉપડવા છતાં ૭૭ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું. આ પછી એલડીઆરપી કોલેજમાં કોમ્પ્યુટર એન્જિનીયરીંગમાં પ્રવેશ મેળવ્યો તેની ફાઈનલ એકઝામમાં પણ માર્ગમાં કૂતરાને કારણે થયેલા અકસ્માતમાં જમણા હાથે વાગ્યું હોવા છતાં કોલેજમાં તૃતીય સ્થાને ઉતીર્ણ થઈ હતી. આ પછી તેણે માસ્ટર ડિગ્રી પણ યુનિવર્સિટી ફર્સ્ટ બનવા સાથે હાંસલ કરી તેની અડગતા અને મકકમ મનોબળનો પરચો આપ્યો હતો.

આ પછી પોતાની કોલેજમાં જ પ્રાધ્યાપક તરીકે નોકરી પ્રાપ્ત કરી અને કોલેજમાં ફેઈલ થતા કે એટીકેટી મેળવતા વિદ્યાર્થીઓને સાથે રહીને એવો અભ્યાસ કરાવે છે જેથી તેઓ પરીક્ષા પાસ કરતા થઈ જાય છે. હિમાનીને કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા ૨૦૧૫માં મહિલા ગૌરવ પુરસ્કારથી સન્માનિત પણ કરવામાં આવી ચુકી છે પરંતુ આજે પણ તેને કેન્સરની આડઅસરોનો ભોગ બનવું પડી રહ્યું છે. પોતાની સારવાર દરમિયાન માતાએ કરેલી સેવા જોઈને તે કહે છે કે 'મારી મમ્મી તો અડધી નર્સ બની ગઈ હતી.' એક સમયે જેના ભ્રમરો સુધ્ધાના વાળ પણ ખરી જવાથી રૂપકડી ઢીંગલીમાંથી અજીબો ગરીબ દેખાતી હિમાનીએ આજે ફરી સુંદરતા તો પ્રાપ્ત કરી લીધી છે પરંતુ હજુ પણ તેની રોગપ્રતિકારક શકિત ક્ષીણ હોવાથી ખૂબ સાચવવું પડે છે. આમ છતાં પીએચડી કરી રહેલી હિમાની માને છે કે 'જીવનમાં હંમેશા મહેનત કરતા રહો તો સફળતા અચૂક મળે જ છે.'

**- પ્રતિભાવો આવકાર્ય**
samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**બાગી-૩**
૮.૩૫, ૧૦.૦૫, ૧૧.૦૦, ૧૧.૪૫, ૧.૧૫, ૨.૧૦, ૨.૫૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૦૫, ૭.૩૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫
**થપ્પડ**
૪.૩૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૨૦, ૫.૨૫, ૭.૩૦, ૧૦.૩૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧૦.૧૫
**ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ**
૧૧.૦૫
**મલંગ**
૧.૪૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**બાગી-૩**
૯.૦૫, ૯.૩૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૫૫, ૨.૫૫, ૩.૫૫, ૫.૦૫, ૬.૦૫, ૭.૦૫, ૮.૧૫, ૯.૧૫, ૯.૪૫, ૧૦.૧૫
**થપ્પડ**
૬.૩૫
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**તાન્હાજી**
૩.૧૫

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**બાગી-૩**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧.૧૫
**થપ્પડ**
૬.૪૫

**સિટી પલ્સ, કુડાસણ**

**બાઘી**
૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૩.૩૦, ૫.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૦૦
**થપ્પડ**
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૫.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૪૫



સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા નેચરલ કલરથી ધૂળેટીની ઉજવણી કરવામાં આવી હતી.

## દુઃખદ અવસાન

ગાંધીનગર શહેરના સેકટર-૮, પ્લોટ નં. ૫૨૪/૧ ખાતે રહેતા ૭૭ વર્ષીય અરૂણકુમાર નિગમ (રીટાયર્ડ આઈ.એ.એસ. સેક્રેટરી)નું દુઃખદ અવસાન તા. ૮-૩-૨૦૨૦ના રોજ થયેલ છે. સ્વર્ગસ્થની અંતિમયાત્રા સવારે ૯.૦૦ કલાકે તા. ૯ માર્ચ ૨૦૨૦ના રોજ તેમના નિવાસસ્થાનેથી નીકળશે.

## ચિરવિદાય

- સ્વ. રાણા નોનીબેન કાળુસિંહ, ઉ.વ. ૮૮
- સ્વ. કાશીબેન રણછોડભાઈ પટેલ, ઉ.વ. ૮૭
- સ્વ. બ્રહ્મભટ્ટ કનૈયાલાલ છોટાલાલ, ઉ.વ. ૭૫
- સ્વ. ભંગી કાનજીભાઈ છગનભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર રણછોડભાઈ સોમાજી, ઉ.વ. ૫૫
- સ્વ. તારાબેન સંજીવભાઈ કોઠારી, ઉ.વ. ૭૪
- સ્વ. વિજયસિંહ મહેન્દ્રસિંહ બિહોલા, ઉ.વ. ૯૬
- સ્વ. અમૃતબેન ચીમનલાલ મિસ્ત્રી, ઉ.વ. ૮૨